સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

ખાયકી અને કૌભાંડોનું હતું કરૂણ પ્રભાત!
સળગતી સીમાઓ શહીદીનું દારૂણ પ્રભાત!
તરૂણ-તરૂણીઓની ચીખે ઉગતું'તુ પ્રભાત!
ઉગ્યું સર્વલક્ષી બજેટ, દીપે 'અરૂણું' પ્રભાત!
(આશાસ્પદ બજેટ)

વજુભાઇનો,
હાસ્યનો દરબાર
= વિધાનસભા..

ઠોઠ વિદ્યાર્થી
આવે લેસન વિના -
થયા નિર્ભય?!

ચિંતન

અપહાય નિજં કર્મ કૃષ્ણ કૃષ્ણાતિ વાદિનઃ । તે હરેર્દ્વેષિનઃ પાપાઃ ધર્માર્થ જન્મ યદ્ધરેઃ ॥

'જે લોકો પોતાનું કામ-કર્તવ્ય-ફરજ છોડીને માત્ર 'કૃષ્ણ-કૃષ્ણ' એમ જાપ જપ્યા કરે છે તે લોકો ભગવાનના ભક્ત નહીં પણ દ્વેષી છે.'

'જેના ઘરની સ્ત્રી ભકતાણી એનું ઘર ધૂળ-ધાણી' એવી એક કહેવત છે. ભક્ત પુરૂષ હોય કે સ્ત્રી) ભક્તિની મર્યાદા હોય - કર્તવ્યો પણ 'કર્મયોગ' જ છે મોટા મોટા ભક્તો કબીર-રહીમ-રૈદાસ બધા પોતાનાં કર્તવ્યો સાથે જ ભક્તિ કરતા હતા - કેટલીક ભકતાણી - ભક્તો તો સવારે મંગલા આરતીથી શયન આરતી સુધી ભગવાનને મોંઢુ બતાવ્યા વિના રહી નથી શકતાં - જયાં જયાં બાપુની કથા હોય ત્યાં ત્યાં અમારે જવાનો અચૂક નિયમ' પછી ઘરનું, ફરજનું જે થવાનું હોય તે થાય!

સામાજિક કર્તવ્ય-ફરજમાં નિષ્ઠા સાથે, સતત ઇશ્વરને યાદ રાખી કોઇને પણ અન્યાય કર્યા વિના કર્તવ્ય બજાવવું તે 'કર્મયોગ' એ જ સાચી ભક્તિ છે. આખો દિવસ 'કૃષ્ણ-કૃષ્ણ' કરી પોતાની ફરજમાંથી સરકી જનારા સાચા ભક્ત નથી અહીં તો કવિએ કહ્યું છે કે ભગવાન એવા પર ગુસ્સે થતા હશે કારણ એ ભક્તિ નહીં પણ ભગવાનનો દ્વેષ છે.

સુવિચાર

- જેમને મળવાનું અવશ્ય સંભવ છે.. તે પરમાત્માને પ્રેમ કરો અને જેનાથી અલગ થવાનો અવશ્ય સંભવ છે તે સંસારની સેવા કરો **- ધર્મસૂત્ર**
- ભલા બનવા માટે આપણે બીજું કાંઇ ન કરીએ.. માત્ર બધી રીતે બુરાઇ છોડી દઇએ તો આપણે ભલા થઇ જઇશું **- એસ. ભટ્ટાચાર્ય**
- પ્રતિક્ષણ બદલનારા સંસાર પર વિશ્વાસ જ ભગવાન પર વિશ્વાસ થવા દેતો નથી **- મુનિ વિનયચંદ્રજી**
- સત્સંગમાં કાંઇ પણ કર્યા વિના ઉન્નતિ થાય છે, અને કુસંગમાં કાંઇ પણ કર્યા વિના પતન થાય છે **- આનંદ સાગર**
- એક માત્ર ભગવાન પ્રાપ્તિનો ઉદ્દેશ્ય થવાની બધી જ ક્રિયાઓ સાધન બની જાય છે- **ધ્યાનસૂત્ર**
- જો ભગવાનની યાદ આપમેળે નથી આવતી. તેમને યાદ કરવા પડે તો સમજવું કે હજી સાધના શરૂ થઇ જ નથી **- જનકલ્યાણ**
- જે બીજાઓથી (પોતાના માટે) સુખ ચાહે છે, તેને ભયંકર દુઃખ ભોગવવું જ પડે છે **- અમૃતબિંદુ**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

સરકારી કે ખાનગી કર્મચારી હોય કે કડિયા-કારીગર-મજૂર-આજકાલ કામ કરીને વેતન લેવા કરતાં કામ ન કરીને - બગાડીને - વેઠ કરીને ઓછું કામ કરી વધારે મહેનતાણું લેવાની વૃત્તિ સ્વાભાવિક થઇ ગઇ છે. આમાં આળશ સાથે 'છેતરપિંડી' પણ કામ કરે છે.

બેન્જામીન ફ્રેંકલીન મોટા ચિંતક થઇ ગયા છે, બોસ્ટનથી ન્યૂયોર્ક પહોંચ્યા - નવા શહેરમાં કામ મળતું ન હતું. બેકારીમાં 'લંચ'ના પૈસા ન હતા. બ્રેડ-પ્રાઉન-કોફી પર દિવસ કાઢી નાખતા હતા. તેમને ચાંત્રિક કામ આવડતું હતું.

એકવાર એક પ્રેસમાં ગયા અને કંઇ કામ હોય તો - રીપેરીંગ આવડે છે! પ્રેસના માલિકે પ્રેસનું બંધ પડેલું મશીન બતાવ્યું - બેન્જામીને જોઇને કહ્યું થઇ તો જશે પણ આખો દિવસ થશે - અને એની આખા દિવસની મજૂરી 'ચાર ડોલર' થશે. માલિક સંમત થયો. બેન્જામીન કામે લાગ્યા..

... અને બપોર થતાં તો મશીન ચાલુ થઇ ગયું. માલિક ખૂશ થયો - નક્કી કર્યા પ્રમાણે ચાર ડોલર આપ્યા. પરંતુ બેન્જામીને કહ્યું મેં ચાર ડોલર તો આખા દિવસની ગણતરીથી કહ્યા હતા - મશીન તો અર્ધા દિવસમાં જ રીપેર થઇ ગયું છે મને માત્ર બે ડોલર જ આપો! હું એટલા ડોલરનો જ અધિકારી છું.

.. અને બેન્જામીન ફ્રેંકલીનને ત્યાં નોકરી પણ મળી ગઇ..

Email - sureshchandrabhatt18@gmail.com

ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે તા. ૧૩-૭-૨૦૧૪ સાંજે ૪.૦૦ કલાકે કાવ્ય પઠનનો કાર્યક્રમ બ્રહ્મભવન સેક્ટર-૧૬ ખાતે રાખવામાં આવ્યો છે જેમાં ગાંધીનગરનાં જાણીતા ગઝલકાર કિશોર જીકાદરા તેમની ગઝલો રજૂ કરશે

સાહિત્ય સમાચાર સેતુ

● ડો. વિજય પંડ્યા આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ માટે મનોનીત

આગામી ૨૬ જૂનથી ૨ જુલાઇ ૨૦૧૫ના દિવસોના દિવસોમાં બેંગકોક, થાઇલેન્ડમાં ઇન્ટરનેશનલ એસોસીએશન ઓફ સંસ્કૃત સ્ટડીઝ (IASS) દ્વારા આયોજિત ૧૬મી વર્લ્ડ કોન્ફરન્સમાં 'સંસ્કૃત સાહિત્યમાં વિજ્ઞાન' એવા ૧૬માં વિભાગમાં કન્વીનર તરીકે આપણા સંસ્કૃતિના વિદ્વાન ડો. વિજય પંડ્યાને મનોનીત કરવામાં આવ્યા છે. આ ૧૬મી વર્લ્ડ કોન્ફરન્સ થાઇલેન્ડમાં રાજકુમારીની પચાસમી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે થનાર છે. તે માટે ડો. વિજય પંડ્યાને શુભેચ્છાઓ અને અભિનંદન!

● લઘુ સામયિકો વિશે માહિતી મોકળવા અપીલ

જાણીતા સાહિત્યકાર, કોશકાર ડો. કિશોર વ્યાસ ગુજરાતી ભાષાના લઘુ સામયિકો વિશે સંદર્ભકોશ તૈયાર કરી રહ્યા છે. આથી લઘુ સામયિકો, સંપાદકો અને સાહિત્ય પ્રકારકર્તાઓ નોંધપાત્ર ગ્રંથોનો સમાવેશ કરવામાં આવનાર છે. આ અંગેની માહિતી આ સરનામે મોકલવા જણાવાયું છે. ડો. કિશોર વ્યાસ, ૬-બી, મહેતા સોસાયટી, કાલોલ જિ. પંચમહાલ.

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
શબ્દ સેતુ
સંપાદક : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

● કવિ લલિત ત્રિવેદીને 'સમર્પણ' સન્માન

'નવનીત સમર્પણ' સામાયિકમાં વર્ષ દરમિયાન પ્રગટ થયેલી કાવ્ય કૃતિઓ પૈકી શ્રેષ્ઠ કૃતિના કર્તાને 'સમર્પણ' સન્માન અપાય છે. ચાલુ વર્ષે આ સન્માન લલિત ત્રિવેદીને આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

● સુરતમાં 'પાંચમી જાગીર' પુસ્તકનું લોકાર્પણ

તાજેતરમાં સુરતના નાગરદાસ હોલ ખાતે દક્ષિણ ગુજરાત ચર્ચા પત્રી સંઘના ઉપક્રમે 'પાંચમી જાગીર' પુસ્તકનું વિમોચન ગુજરાત મિત્ર દૈનિકના પત્રકાર નરેન્દ્ર જોષીના હસ્તે કરવામાં આવ્યું હતું. પુસ્તકનું સંપાદન - ડંકેશ ઓઝા અને કુમારેશ ત્રિવેદીએ કર્યું હતું. આ પ્રસંગે જાણીતા સાહિત્યકાર દિનેશ દેસાઇ, પ્રવિણ ગઢવી અને ગુજરાત ગાર્ડિયનનાં તંત્રી મનોજ મિસ્ત્રીએ પ્રાસંગિક વકતવ્યો રજૂ કર્યા હતા.

● મહેસાણામાં કમળાબા હોલ ખાતે અસાઇત સાહિત્ય સભાના ઉપક્રમે મધુરાયના ત્રણ નાટ્ય સંગ્રહ તથા ઇન્દુ પુવાર કૃત નાટ્યસંગ્રહ 'ફક્કડ ગિરધારી'નું વિમોચન થયું. તેમજ કવિ ઓમપ્રકાશ ઉદાસીના કાવ્ય સંગ્રહ 'હઇસો-હઇસો'નું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ચિનુ મોદી, રમેશ શાહ, ડો. કેશુભાઇ દેસાઇ, કવિ પ્રવિણ ગઢવી ઉપસ્થિત રહ્યા હતા.

● ગાંધીનગર સાહિત્ય સભામાં કિશોર જીકાદરાનું કાવ્ય પઠન

ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે તા. ૧૩-૭-૨૦૧૪ સાંજે ૪.૦૦ કલાકે કાવ્ય પઠનનો કાર્યક્રમ બ્રહ્મભવન સેક્ટર-૧૬ ખાતે રાખવામાં આવ્યો છે જેમાં ગાંધીનગરનાં જાણીતા ગઝલકાર કિશોર જીકાદરા તેમની ગઝલો રજૂ કરશે. જેમાં સમયસર ઉપસ્થિત રહેવા સૌ સભ્યો અને સાહિત્ય ભાવકોને જણાવાયું છે.

ગદ્યસભા ભાવનગરની ગદ્યકાવ્ય સ્પર્ધાનું પરિમામ જાહેર થયું

ભાવનગરની જાણીતા સાહિત્ય સંસ્થા ગદ્યસભાના ઉપક્રમે ગદ્ય કાવ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરના કવિ નટવર હેડાઉ 'વનવિહારી' ગદ્ય કાવ્ય કંડવાવ એક અનુભૂતિ પસંદગી પામ્યું છે.

ગદ્યસભાના ઉપક્રમે આગામી તા. ૨૩-૭-૨૦૧૪ના રોજ ભાવનગર મુકામે વિજેતાઓને સન્માનિત કરવામાં આવશે. તેમ સંસ્થાના મંત્રી અજય ઓઝાએ જણાવ્યું છે. કવિ હેડાઉ ગાંધીનગર સાહિત્ય સભાના ઉપપ્રમુખ છે. તેઓશ્રીને અંતરના ઉમળખાભર્યા ખૂબ ખૂબ અભિનંદન.

કાવ્યસેતુ

જોબનિયું ઝોલાં ખાય

પ્રીત તમારી પામવા, પાય મુજ અટકી ગયા;
'હમણાં આવું છું' કહી અધવચ્ચે છટકી ગયા!
કરી ન કદર મારી પ્રિતની, હસી-મજાકમાં રહ્યા,
મૂકી વિરહની આગમાં! ફટકીયા મોતી ફટકી ગયા!
ચાહયા'તા તમને દિલથી, વાંચ્છયો જીવનભર સંગાથ,
આપીને હાથતાળી તમે, બેરહમ થૈ છટકી ગયા!
હતું કે, સહેશું તૂફાન સંસારસાગરે, ને ઝીલવું પ્રયાત,
પણ છોડીને મને મઝધાર; તમે જ ઝંઝાવાત સર્જી ગયા!
ઉર્મિલ નારીની ઋજુતાએ જોબનિયું ઝોલાં ખાય,
મહેંકતા રૂડા મોગરાનું, ખીલ્યું પુષ્પ કરમાય!
શું નભે મહેલુયો ગોરંભાઇ વડી વીજળી કે વેરણ થૈ રાત?
કે પછી અટવાયા વિચાર વમળે કે સર્જાયો પ્રપાત!
વસંતનાં વધામણાંને બદલે, કોણે લગાડી આગ?
સરવરિયે વરસ્યો શ્રાવણિયો, કોણે પામ્યું છે 'દધિ' તાગ?

- મૂળજીભાઇ પરમાર 'દધિ'

નિત્ય નિરંજની સરિતા -

પુણ્યશ્લોક સુદર્શનીયા સુવંદનીયા સરિતા;
નયન મનોહર કૃતિ ભુવિ રમ્યા નિત્ય નિરંજની સરિતા - ૧
પર્વત તનયા સમુદ્રભાર્યા અંચલચપલા સરિતા;
મંથર ચલતિ ધાવતિ શીઘ્રં નિત્ય નિરંજની સરિતા - ૨
વિશ્વપંતે : વહતિ કરૂણા લોકમાતા સરિતા;
માવેત લાલયતિ પાલયતિ નિત્ય નિરંજની સરિતા - ૩
ભૂમેર્ પયં અમૃતધારા જગસંજીવની સરિતા;
અંતર્ બહિર્ સિંચતિ વિશ્વં નિત્ય નિરંજની સરિતા - ૪
ભૂમિ પટલે અનેકનામા મંગલકારી સરિતા;
પ્રાચીન સંસ્કૃતિ ઉદ્ગમ સ્થાન નિત્ય નિરંજની સરિતા - ૫
તુષ્ટિ પુષ્ટિ સુખસમૃદ્ધિ અવિરત યચ્છતિ સરિતા;
વિશ્વજીવન ગરિમાધારા નિત્ય નિરંજની સરિતા - ૬
વિશ્વકોર બહુમૂલ્ય અનામત તરલ સ્વરસ્વર્ણ સરિતા;
વસુધાયા : સુંદર શોભા નિત્ય નિરંજની સરિતા - ૭
ભુવનેષુ કેવળ પૃથ્વી ઉપર નિત્ય વહતિ સરિતા;
લોકરંજની પારદર્શની નિત્ય નિરંજની સરિતા - ૮
તીર્થરાજ પ્રયાગતીર્થ ત્રિવેદી સંગમ સ્થાન;
સંગમતીર્થે સરિતાયાઃ મહિમા અતિ અપાર - ૯
શિવશુભકારી મંગલકારી પાવનકારી સરિતા;
સ્વસ્તિ તુલ્યં શિવશુભતુલ્યં નિત્ય નિરંજની સરિતા - ૧૦

- ઇશ્વરભાઇ પટેલ

હે સર્જકો ! હવે તો જાગો !

વિશ્વની સૌથી પ્રાચીન સંસ્કૃતિનો ભવ્ય વારસો ધરાવતો આપણો ભારત દેશ એની પ્રાચીનતા માટે આજે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. આપણા પુરાણકાલીન વેદો, ઉપનિષદો, ઋચાઓ, ધર્મગ્રંથો, ઋષિમુનિઓ, એ સમયના સંસ્કારો, આદર્શો આજે પણ આપણી ભવ્ય પરંપરાની ઝાંખી કરાવે છે.

મહાભારતના મહાસર્જક મહર્ષિ વ્યાસ, રામાયણના સર્જક વાલ્મિકી, દ્રોણાચાર્ય, વિશ્વામિત્ર, વશિષ્ટ, પરશુરામ, દુર્વાસા... આ બધા ઋષિમુનિઓ... તો વળી નરસિંહ મહેતા, મીરાંબાઈ, ભાલણ, અખો, પ્રેમાનંદ, દયારામ આ બધા મધ્યયુગીન સર્જક ભક્તો... તો વળી સમ્રાટ અશોક, ચંદ્રગુપ્ત મૌર્ય, મહારાણા પ્રતાપ, પૃથ્વીરાજ ચૌહાણ, છત્રપતિ શિવાજી, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ... જેવા દેશભક્ત રાજાઓ, લોકપ્રતિનિધિઓ... તો વળી અર્વાચીન યુગના ઊગતા સૂર્ય સમાન સર્જક નર્મદ, દલપતરામ, ગોવર્ધનરામ, ન્હાનાલાલ, કલાપી, મુનશી, મેઘાણી તો વળી રવિન્દ્રનાથ ટાગોર, પ્રેમચંદ, મહાદેવી, બચ્ચન, ભારતેન્દુ, પંત, જયશંકર... આપણો ભારત દેશ અનેક માનવરત્નોથી શોભાયમાન છે.

રાજાશાહી બાદ અંગ્રેજો આવ્યા અને તેમની સત્તામાંથી મુક્ત થયા. સ્વતંત્ર થયા ત્યારે પ્રત્યેક દેશવાસીઓના આંતરમનમાં અનેક આશાઓ-સ્વપ્નો હતા 'ફરીથી સતયુગ' આવર્શેની કલ્પના ઘણા વૃદ્ધોએ કરી રાખી હતી. પરંતુ એ કલ્પના માત્ર કલ્પના જ રહી. આજે ભારત દેશ ઊંડી ગર્તામાં ધકેલાઈ રહ્યો છે. કાવાદાવાથી ભરેલી અશુદ્ધ રાજનીતિ, ચારેતરફ અશાંતિ, અરાજકતા, હિંસા અને વિસ્ફોટો, ધર્મના નામે ખેલાતા સંપ્રદાયોના સત્તાયુદ્ધ, ધર્મવાદ, પ્રાંતવાદ, જ્ઞાતિવાદ, ભાષાવાદ જેવા પ્રશ્નો, ધાર્મિક સંપ્રદાયોના સાચા-ખોટા વિવાદો, અકસ્માતોની પરંપરા, આગ, લૂંટાલૂંટ, હત્યા... આવી બધી પરિસ્થિતિથી ભારત દેશ આજે પોતાનું ગૌરવ ગુમાવવાને આરે આવીને ઊભો છે. ભારતની પ્રજા આજે માનસિક રીતે અશાંત અને અક્ષુબ્ધ છે. ક્યારે શું થશે ? ક્યાં થશે ? કેવી રીતે થશે ? એ નક્કી નથી થોડા વર્ષ પહેલા કચ્છના ભૂકંપે લાખો લોકોને મૃત્યુની ચાદરમાં લપેટી લીધા, બોમ્બ વિસ્ફોટથી, આત્મહત્યાઓથી, કુદરતી હોનારતોથી, હજારો-લાખો લોકો મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે અને પાછળ હજારો, લાખો પરિવારના બાળકો, સ્ત્રીઓ, વૃદ્ધોની શી દશા થતી હશે તેનો વિચાર સુદ્ધા આપણે કરતા નથી... આવી માનસિક - ગંભીર જીવલેણ બિમારીમાં આખો દેશ સપડાયો હોય ત્યારે શું સર્જકોએ ચૂપચાપ બેસી રહેવું જોઈએ? સર્જક કેમ ભૂલી જાય છે કે જે કામ ભયાનક શસ્ત્રો નથી કરી શકતા તે કામ શાસ્ત્ર કરી છે. માત્ર અડધા ફૂટની કલમ કરી શકે છે. જેના અનેક ઉદાહરણો દેશના ઈતિહાસમાં છે જ. તો પછી શા માટે આજના સર્જકની કલમ સંવેદનહીન થઈ ગઈ છે ? કે પછી સર્જકને જ પોતાની કલમની તાકાતમાં વિશ્વાસ નથી ?

પૌરાણિક માન્યતાઓ, રીત-રિવાજો અને અંધશ્રદ્ધા લઈને ચાલી રહેલા રૂઢિચુસ્ત સમાજને બદલવા વીર સર્જક નર્મદે શું શું નથી કર્યું ? એક 'વિધવા' સાથે લગ્ન કરીને 'દાંડિયા' દ્વારા પોતાની કલમથી સમાજમાં નવા પ્રાણ ફૂંકવા અનેક પ્રયત્નો કર્યા છે. તો વળી રૂઢિચુસ્ત બ્રાહ્મણોની ઠેકડી ઉડાડતી ભદ્રંભદ્રીય ભાષાથી આપણે પરિચિત જ છીએ. જો એ સમયે કોઈના અનુકરણ વિના સર્જકો સમાજમાં પરિવર્તન લાવવા-જાગૃતિ લાવવા જાત મહેનત કરતા હોય તો આજે આપણા મહાન, વિદ્વાન, પ્રતિષ્ઠિત, શિષ્ટ અને પુરસ્કૃત ગણાતા ડિગ્રીધારી સર્જકો પાસે તો અનુકરણીય આખા ઈતિહાસના અનેક પૃષ્ઠો છે કેમ કોઈ એ પૃષ્ઠોને ઉથલાવતું નથી ? સૌ કોઈને પોતાના વાતાનુકૂલિત રૂમમાં બેઠાં-બેઠાં ઉકરડાં પર, ભીખ માગતાં બાળક પર કે મજૂરી કરતી સ્ત્રીની અવદશા પર કાવ્યો લખવાં છે. લેખો લખવાના છે. જેણે કદી લોહીનો લાલ રંગ જોયો નથી એવા જન્મજાત શ્રીમંત લેખકો 'રક્તપીત' ઉપર નિબંધો, લેખો કે કાવ્યો લખે છે... એ શું એમનો સર્જક ધર્મ છે ? દેશ જ્યારે અરાજકતાની ઊંડી ગર્તામાં ધકેલાઈ રહ્યો હોય ત્યારે સર્જકનું મૌન પ્રાણઘાતક નીવડે છે. આજનો સર્જક કલ્પનામાં અને સ્વપ્નોમાં રાચે છે. વાસ્તવિકતાનું દર્શન આજના સાહિત્યમાં બહુ ઓછું જોવા મળે છે. હિન્દી સાહિત્યકાર પ્રેમચંદની એક-એક નવલકથા વાંચો... સમાજનું તદ્દન વાસ્તવિક ચિત્ર છે કેમ આજે કોઈ પ્રેમચંદ નથી બની શકતું ? આજનો સર્જક સામાજિક-સાહિત્યિક-ગુણવત્તા નહીં પણ 'આર્થિક ગુણવત્તા' પર આધારિત સાહિત્ય સર્જે છે જેની સામાજિક અસર શૂન્ય હોય છે. આજના સર્જકોનું સંવેદનાતંત્ર કેમ જડ બની ગયું છે ? કેમ આજનો સર્જક આતંકવાદીના હૃદયને બદલી નથી શકતો ? કેમ આજનો સર્જક દંભી રાજનીતિને બદલી નથી શકતો ? શા માટે દેશમાં શાંતિ અને પ્રેમ નથી સ્થપાતો ? આતંકવાદનું એક કારણ એ પણ છે કે સમાજના લોકોનું સંવેદનાતંત્ર પણ જડ થઈ ગયું છે. બાકી ગરીબી-બેકારીથી ગ્રસ્ત આજનો યુવાન સંવેદનશીલ છે એટલે તો એ આતંકવાદી બને છે. પરંતુ સંવેદનાની સાથે ધર્મ અને દેશ પ્રત્યેની સાચી સમજ હશે તો એ આતંકવાદી નહીં બને અને આ સમજ આપવાનું કામ આજના સર્જકોનું છે. આ સમજના અભાવે એ આતંકવાદી બને છે. બાકી એ પણ આપણી જેમ માણસ જ છે એને પણ મગજ અને હૃદય છે. પરંતુ, આજનો સર્જક પ્રેમલા-પ્રેમલીની વાર્તાઓ લખીને, સસ્તી ભાષામાં સસ્તા વર્ણનો કરીને સસ્તી લોકપ્રિયતા મેળવવા પ્રયત્નશીલ છે. ચૂસાયેલો ગોટલો કે ઉકરડા ઉપર મહાનિબંધો લખવામાંઆજનો સર્જક ગૌરવ અનુભવે છે. પરંતુ 'દેશની અશાંત પરિસ્થિતિ' ઉપર કોઈ મહાનિબંધ નથી લખતું. ઉમાશંકર જોષીનું 'વિશ્વશાંતિ' આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. આજના યુવાવર્ગને આકર્ષવા, વાચકોને આકર્ષવા માટે આપણા સંસ્કાર અને સંસ્કૃતિની ઐસી તૈસી કરીને તડાકેદાર-ભડાકેદાર કોલમો લખનાર લોકપ્રિય કોલમિસ્ટોએ પણ થોડું થોભવાની જરૂર છે. વિચારવાની જરૂર છે. આવી કોલમો પણ સામાજિક પરિવર્તનમાં મોટો ભાગ ભજવતી હોય છે.



મોરપીંછના રંગ
- ડૉ. કનૈયાલાલ ભટ્ટ

આપણા સર્જનથી સમાજ કેમ જાગૃત થતો નથી ? સમાજ પાસે દૃષ્ટિ નથી કે આપણા સાહિત્યની એટલી ઊંડી અસર નથી? સમાજ પાસે દૃષ્ટિ તો જરૂર છે પણ આપણા સર્જનને એ દિશામાં આપણે વાળી શકતા નથી. સમાજ સર્જક પાસે ક્યારેય એવી અપેક્ષા નથી રાખતો કે સર્જક હાથમાં તલવાર લઈને નીકળે અને બધા અસામાજિક તત્વોને, અનિષ્ટોને ખતમ કરી નાખે. પરંતુ સમાજ સર્જક પાસે એવી અપેક્ષા જરૂર રાખે છે કે સર્જક એવું સર્જન કરે કે જે વાંચીને ખતરનાક આતંકવાદીનું સંવેદનતંત્ર જાગૃત થઈ જાય એનો આત્મા જીવિત થાય અને ગેરકૃત્યો કરતા અટકે. જો આપણા સર્જનમાં, સાહિત્યમાં આટલી તાકાત ન હોય તો આપણી પ્રતિષ્ઠા, પુરસ્કારો અને બધુ જ સર્જન નકામું છે. આજે ઘણા પ્રતિષ્ઠિત લેખકો એવા છે કે જેમની 'અસંદિગ્ધ સાહિત્યિક કૃતિઓ'ને અકાદમી અને પરિષદોના પારિતોષિકો મળ્યા છે પરંતુ આવી રચનાઓ સમજનારા કેટલા ? પાંચ-પચ્ચીસ વિદ્વાનો બાકી શિક્ષિત વાંચકોનું શું ? પછી ભલે આવી અસંદિગ્ધ કૃતિઓને - પાત્રોને વિદ્વાનો સમાજમાં પીડાતા માનવીનું મીથ કે આંતરમનની વ્યથાઓના પ્રતીક તરીકેના સંદર્ભો ઉભા કરી સમજાવે પણ એનું સમાજના સંદર્ભે કોઈ મૂલ્ય નથી હોતું.

(અનુસંધાન પાના નં. ૬ પર)

રામ સૌના નાથ છે, તેમના નિત્ય સ્મરણમાં રહીએ, પરબ્રહ્મ સ્વરૂપ પ્રભુ રામના સ્મરણથી ગૃહસ્થીઓનાં સંકટ અને દુઃખ તણખલા સમાન હળવાફૂલ થઇ જશે

કોઇ પણ એક મશીનનાં ઘણાં પૈડાં પૈકી કોઇ એક પૈંડાને દબાવવાથી યંત્ર ચાલું કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો મશીન ચાલુ થશે કે નહિં તે નક્કી નથી પરંતુ સમગ્ર મશીનને સંબંધિત એક ચોક્કસ બટન જો દબાવીએ તો કથા પ્રયત્ન વગર મશીન ચાલુ થઇ જશે. તેવી જ રીતે જો પરમાત્માના નામ સ્મરણની કળ દબાવીશું તો સત્કર્મના બધા ચક્ર, બધા પૈંડા કશી અડચણ વગર સહજપણે ચાલુ થઇ જશે, ગમે તે સ્થિતિમાં સહજતાથી નામ-સ્મરણ શરૂ કરી દેવું જોઇએ. વ્યવહારીક કામોમાં કોઇ કામ ગમે તેવું અશક્ય લાગે તો પણ તે કાર્ય કરીને જંપીએ છીએ તો પછી નામસ્મરણ માટે પણ મનમાં કોઇ પણ શંકા કર્યા વગર, અણમોલ સમય બગાડ્યા વગર પરમાત્માનું નામ સ્મરણ કરતા રહેવું તે સર્વોત્તમ તથ્ય છે. પરિણામે આપણે પસ્તાવું નહિં પડે કે આપણે જીવનનો અણમોલ સમય વેડફી દીધો.

પ્રહલાદ અને દ્રૌપદી જેવા ભગવાનના ભક્તોએ ભગવાન પાસે શું માગ્યું? ભગવાનનું નામ સ્મરણ અને નિષ્ઠા.

ભગવાન સમક્ષ એવી પ્રાર્થના કરીએ કે - 'હે ભગવાન! મારામાં ઘણાં દોષો છે, હું અપરાધી છું, મને ક્ષમા કરો, આપની કૃપાને પાત્ર મેળવવા યોગ્ય બનું!'

નામ - સાધના

હાથમાં ગૃહસ્થીના કામ, મુખમાં પરમાત્માનું નામ અને હૃદયમાં સમાધાન રાખીએ.

આમ જોઇએ તો આપણે એક પ્રકારે ભ્રમિત છીએ. ભ્રમ દૂર કરવાના ત્રણ ઉપાય છે. સદ્વિચાર, સત્સંગ અને નામસ્મરણ. શરીરના એક એક અંગ એકમેક સાથે જોડાયેલા છે. તેવી જ રીતે પરમાત્માનું નામ, સંત અને પરમાત્મા એકબીજા સાથે જોડાયેલા છે. જેમ ગાયની પાછળ વાછરડું જાય છે તેમ નામસ્મરણ કરવાથી તેની પાછળ પાછળ ભગવાન દોડી આવે છે.

રામનામ એક એવું મશીન છે જે કોઇપણ પામી શકે છે, જે બધા ઉપયોગમાં લઇ શકે છે. તેને ક્યારેય કાટ નથી લાગતો અને ક્યારેય તુટતું પણ નથી.

ભક્ત, ભગવાન અને નામ એકરૂપ છે. જયાં નામ છે ત્યાં જ ભક્ત છે અને ત્યાં જ ભગવાન પણ છે માટે નામ સર્વશ્રેષ્ઠ છે. ગરનાળાનું પાણી કેટલું ગંદુ હોય છે? પણ તે જ પાણી નદીમાં મળે છે, નદી સાગરમાં મળે છે અને સાગરરૂપી બની જાય છે તે જ પ્રમાણે માણસ ગમે તેટલો પાપી, દોષિત, અપરાધી હોય પણ જો નામ રૂપી નદીમાં ભળી જાય તો સમજી લો કે તે રામસાગર રૂપ જ બની જાય છે. ભગવાનને ભૂલી જવું એ સૌથી મોટું પાપ છે. રાવણ - હિરણ્યકશ્યપ ભગવાનથી વિમુખ થયા અને અંતે વિનાશને વર્યા.

રામ સૌના નાથ છે, તેમના નિત્ય સ્મરણમાં રહીએ. પરબ્રહ્મ સ્વરૂપ પ્રભુ રામના સ્મરણથી ગૃહસ્થીઓનાં સંકટ અને દુઃખ તણખલા સમાન હળવાફૂલ થઇ જશે.

ત્રણ વાત તરફ ધ્યાન આપવું જોઇએ. આપણું આચરણ શુદ્ધ હોય, નામ સ્મરણનું ક્યારેય વિસ્મરણ ન થાય અને મારું રક્ષણ કરવાવાળા મારા માથે મારા કોઇ સદ્ગુરૂ છે તેનું હંમેશા સ્મરણ રહે. માટે પરમાત્માનું નામ સ્મરમ અવશ્ય કરતો રહો.

જેમ શ્રીખંડમાં દહીં અને ખાંડ વધારે હોય છે પરંતુ તેમાં કેસરનું પ્રમાણ થોડું હોય છે તેવું જ નામ સ્મરણનું છે તેમ દરરોજ થોડું થોડું પણ નિયમિત, નિષ્ઠાથી અને કોઇ પણ પ્રકારની પ્રાપ્તિની ઇચ્છા રાખ્યા વગર નામ સ્મરણ કરવામાં આવે તો મોટી ઉપલબ્ધિ થશે.

(કલ્યાણ (જુલાઇ-૨૦૦૯) માંથી ભાવાનુવાદ)